Divya Bhaskar , Date: 08.03.2018, Page No. 6

### મેટ્રો પાછળ હજુ સુધીમાં 3058.35 કરોડ ખર્ચાયા

# વર્ષના અંત સુધી વસ્ત્રાલથી એપરલ પાર્ક વચ્ચે મેટ્રો દોડશે

**ગાંધીનગર |** મેટ્રો પ્રોજેક્ટની શું સ્થિતિ છે તે અંગે ગુજરાત વિધાનસભામાં પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં વર્ષના અંત સુધીમાં પ્રથમ તબક્કાનો મેટ્રો રેલનો રૂટ શરૂ કરવાનું રાજ્ય સરકારનું આયોજન હોવાનું સરકારે જણાવ્યું છે.

## ટ્રેક, સિગ્નલ વગેરેની કામગીરી શરૂ કરી દેવાઈ

મેટ્રો રેલ પ્રોજેક્ટ તબક્કાવાર કાર્યાન્વિત કરવાનું સરકારનું આયોજન છે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં અમદાવાદના વસ્ત્રાલથી એપરલ પાર્ક વચ્ચેના આશરે 6.5 કિ.મી. લંબાઈ ધરાવતા પ્રાયોરિટી રીચને વર્ષ 2018ના અંત સુધીમાં કાર્યાન્વિત કરવાનું સરકારનું આયોજન છે. અત્યાર સુધીમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ પાછળ કુલ રૂ.3058.35 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. મેટ્રો રેલની કામગીરી કયા તબક્કામાં છે તે અંગે વિધાનસભામાં પૂછાયેલાં સવાલના જવાબમાં સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, વસ્ત્રાલથી થલતેજ સુધીના ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક વચ્ચેના પ્રાયોરિટી રીચની સિવિલ કામગીરી પૂર્ણ થવાને આરે હોવાનું પણ સરકારે જણાવ્યું હતું. જેમાં 6 સ્ટેશનની કામગીરી પ્રગતિમાં છે, ટ્રેક, સિગ્નલ વગેરેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. થલતેજથી શાહપુર વચ્ચેના વેસ્ટર્ન રીચમાં વાયાડક્ટની અને સ્ટેશનની સિવિલ કામગીરી ચાલુ છે. એપરલ પાર્ક ડેપોની કામગીરી પૂર્ણતાને આરે છે. આ સાથે જ મોટેરાથી એ.પી.એમ.સી. સુધીના નોર્થ-સાઉથ કોરિડોરમાં પણ બધા જ સ્થાનો પર સિવિલ કામગીરી પ્રગતિમાં છે. છેલ્લાં બે વર્ષમાં પ્રોજેક્ટમાં ગેરરીતિની ફરિયાદ મળી નથી.